જા.નં.PS/CHE/૩૫/૨૦૧૫ ,
કમિશનર ઉચ્ચ શિક્ષણ કચેરી ,
ડો.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૧૨/૨ ,
ગુ. રા. , ગાંધીનગર ,
તા.૧૫-૦૪-૨૦૧૫

પરિપત્ર -

ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીના નિયંત્રણ હેઠળ કાર્યરત સરકારી કોલેજો , ગ્રાન્ટેડ કોલેજો , ગ્રામ વિદ્યાપીઠો અને અન્ય સંલગ્ન શૈક્ષણિક સંસ્થાઓના કર્મચારીઓ / પ્રોફેસરો તેમજ અન્ય સંવર્ગના કર્મચારીઓ/અધિકારીઓ ધ્વારા તેઓશ્રીની સેવાવિષયક બાબતોમાં વ્યકિતગત રીતે માન. મંત્રીશ્રી , અગ્રસચિવશ્રી અને અન્ય સત્તાધિકારીઓને સીધા પત્રો નામજોગ લખવાના ઘણા કિસ્સાઓ ધ્યાન પર આવેલ છે. સરકારશ્રીની સામાન્ય વહીવટ વિભાગની સૂચનાઓ અનુસાર સંબંધિત કર્મચારી/અધિકારીશ્રીઓએ તેઓની નોકરીની સેવાઓ બાબતે અથવા અન્ય બાબતે જે કાંઇ રજૂઆત કરવા માંગતા હોય તે રજૂઆત તેઓની કોલેજો મારફતે સંબંધિત કોલેજના વડાના રીમાર્કસ સાથે અત્રેની કચેરીને મોકલવાની રહે છે. સીધે સીધી રજૂઆત કમિશનરશ્રી ઉચ્ચ શિક્ષણ , અગ્રસચિવશ્રી , અધિક મુખ્ય સચિવશ્રી અને માન. મંત્રીશ્રીને કરવાની બાબત શિસ્ત બહારનું કૃત્ય છે. આથી તેઓને જે કોઇ રજૂઆત કરવાની થતી હોય તે રજૂઆત નિયત કરેલ વ્યવસ્થા - પ્રોપર ચેનલ મારફતે જ કમિશનરશ્રી ઉચ્ચ શિક્ષણને કરવા જણાવવામાં આવે છે. ભવિષ્યમાં માન. મંત્રીશ્રીઓ અને ઉચ્ચ અધિકારીશ્રીઓને સીધા જ પત્ર વ્યવહાર કરવાની બાબત ધ્યાન પર આવશે તો આ બાબતે સંબંધિત કર્મચારી/પ્રોફેસરના ખાનગી અહેવાલમાં નોંધ કરવાની અને તે અંગે જરૂરી પગલાં લેવાની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામે નોંધ લેવી. ઉકત બાબત તમામના ધ્યાને લાવવા સંબંધિત કોલેજોના આચાર્યશ્રીઓને તેમજ ગ્રામવિદ્યાપીઠોના આચાર્યશ્રીઓને અને સંબંધિત શૈક્ષણિક સંસ્થાઓને સૂચના આપવામાં આવે છે.

( એ. જે. શાહ )
કમિશ્નર
ઉચ્ચ શિક્ષણ કચેરી, ગાંધીનગર

પ્રતિ,

આચાર્યશ્રી તમામ સરકારી / બિનસરકારી અનુદાનિત કોલેજો /ગ્રામ વિદ્યાપીઠો
રજીસ્ટ્રારશ્રી , તમામ યુનિવર્સિટીઓ.


વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના–મગદલ્લા રોડ, સુરત – ૩૯૫ ૦૦૭


*નકલ સવિનય રવાના પ્રતિ,*

(૧) યુનિવર્સિટી કાર્યાલયના તમામ શૈક્ષણિક તથા વહીવટી વિભાગના વડાશ્રીઓ તરફ...
(૨) અનુસ્નાતક વિભાગો ખાતે ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમો/પ્રોગ્રામના કો-ઓર્ડિનેટરશ્રીઓ તરફ...
(૩) યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રી / આચાર્યાશ્રીઓ તરફ..

....જાણ તથા આપના વિભાગ / કોલેજ / સંસ્થામાં ફરજ બજાવતા તમામ કર્મચારીઓને વંચાણે લાવી ઘટતું થવા સારૂ.

ક્રમાંક : જન/૧૪૭૧૦/૨૦૧૫
તા.૨૨/૯/૨૦૧૫

કુલસચિવ